# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૦૪/૧૧/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડે.સેક્રેટરી )

---

# ચેમ્બરમાં જર્મનીના કાઉન્સલ જનરલ સાથે યોજાયેલી બિઝનેસ મીટીંગ

સુરતઃ સર્વપ્રથમવાર શહેરની મુલાકાત લઈ રહેલા ફેડરલ રિપબ્લિક ઓફ જર્મનીના મુંબઈ ખાતેના કાઉન્સલ જનરલ હિઝ એકસલન્સી ડો.વોલ્ટર સ્ટેચલ સાથે શહેરના વિવિધ વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓની એક બિઝનેસ મિટિંગ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે યોજાઈ હતી.

ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ સ્વાગત પ્રવચનમાં ચેમ્બરનો પરિચય આપતા પ્રવૃત્તિઓ તથા તેના વ્યાપ વિષે જાણકારી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરતમાં દેશની ટોચની કોર્પોરેટ કંપનીઓ ધ્વારા અંદાજે રૂપિયા ૭૮ હાજર કરોડનું મુડી રોકાણ થયુ છે જે આગામી પાંચ વર્ષમાં બમણો થવાની સંભાવના છે. તેમણે જર્મની સાથેના દ્વિપક્ષીય વેપારની શકયતાઓની ચર્ચા કરતા કહયું હતું કે,જર્મની મશીનરી ક્ષેત્રમાં ટોચનું સ્થાન ધરાવે છે અને અહીંના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં જર્મન મશીનરી મોટા પ્રમાણમાં વપરાય છે ત્યારે એ ક્ષેત્રમાં વધુ વિકાસ માટે પ્રયાસો કરવા જોઈએ. તેમણે આતંરાષ્ટ્રીય કક્ષાના વેપાર પ્રદર્શનો માટે જર્મનીના નિષ્ણાંતોની સલાહ મળી રહે તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું. દ્વિપક્ષીય વેપાર માટે મહત્વની જાણકારી મળી રહે તેના માટે સુરતમાં ઈન્ડો–જર્મન ટ્રેડ એન્ડ ઈન્ફરમેશન સેન્ટર શરૂ કરવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી.

જર્મનીના કાઉન્સલ જનરલ ડૉ. વોલ્ટર સ્ટેચલે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સુરત હવે વિશ્વના આર્થિક નકશામાં સ્થાન ધરાવે છે, જે હવે પછીના સમયમાં વધુ મજબુત બને તેવુ લાગે છે. ૧૦ વર્ષ અગાઉ ભારત મહત્વની આર્થિક સત્તા બની શકે તેવુ કોઈએ વિચાર્યુ પણ ન હતુ હવે ભારત વૈશ્વિક તખ્તે મહત્વનો વિકલ્પ બની રહયું છે. તેમણે કહયું હતું કે, સામાન્યરીતે અમારા ડેલીગેશન ભારત આવે ત્યારે  દિલ્હી, મુંબઈ અને બેંગ્લોર ની મુલાકાત લેતા હોય છે. ગુજરાત તરફ આવી શકતા નથી પરંતુ હવે હું અમારા ડેલીગેશનને ગુજરાત આવવા જણાવીશ. વધુમાં તેમણે કહયું હતું કે, જર્મન કંપનીઓ ભારતમાં ઘણી જગ્યાએ છે, પુણેમાં ૧૭૦ જર્મન કંપનીઓ છે ત્યાં જર્મન સ્કુલ પણ છે. ભારત સાથે જર્મનીનો દ્વિપક્ષીય વેપાર અંદાજે ૧૦ બીલીયન  યુરો ડોલરનો છે. આ વર્ષે વધીને એ ૧૩ બીલીયન યુરો ડોલરનો થયો છે. જર્મનીની કંપનીઓ ખાસ કરીને કેમીકલ અને મશીનરી ક્ષેત્રમાં વધુ રસ ધરાવે છે અને એટલેજ તેના એક્ષ્પોર્ટમાં જર્મની ટોચ ઉપર છે. ભારતમાં જર્મન કંપનીઓ માટે વિશાળ તકો છે તે રીતેજ ભારતના ઉદ્યોગપતીઓ વિદેશોમાં મુડી રોકાણ કરી રહયા છે. યુરોપ સહીતના વિશ્વની બજારોમાં ભારતની કંપનીઓ જોવા મળે છે. સુરતની ચેમ્બરે હાથ ધરેલા એકઝીબીશન સેન્ટરના પ્રોજેકટને મહત્વનો અને દિર્ઘ દ્રષ્ટિ વાળે ગણાવી અહી યોજાનાર પ્રદર્શનમાં જર્મનીના ઉત્પાદનો પ્રદર્શીત થાય એવા પ્રયાસો કરવાની તેમણે ખાત્રી આપી હતી. તેમણે જર્મનીની વિઝા પદ્ધતિ વિષે જાણકારી આપી હતી. પ્રશ્નોત્તરી દરમ્યાન તેમણે મુંબઈ, દિલ્હી ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરના લાભો, જર્મનીની કેમીકલ ઈન્ડસ્ટ્રી અને ટુલ મશીનરી ઈન્ડસ્ટ્રી વિષેના તેમજ જવેલરી મેન્યુફેકચરીંગમાં ઉપયોગી મશીનરી અને ડીઝાઈન અંગેના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા તેમજ શિક્ષણના મુદે તેમણે જણાવ્યું હતું કે, જર્મનીની કંપનીઓમાં વોકેશનલ ટ્રેઈનીંગ સીસ્ટમ ફરજીયાત છે એ રીતેજ જર્મન સંસ્થાઓ ભારતમાં શિક્ષણ ક્ષેત્રમાં પણ આવી રહી છે. તેમણે વેપારીક બાબતોની જાણકારી માટે ઈન્ડો જર્મન ચેમ્બર સાથે સંવાદ વધારવાની સલાહ આપી હતી અને સુરત તથા ગુજરાતના કયા ઉદ્યોગોને જર્મની સાથે વેપારમાં રસ છે તેની જાણકારી એકત્ર કરવા સુચન કર્યુ હતું. જેથી જર્મનીથી આવનારા ડેલીગેશનની મુંબઈ મુલાકાત સમયે અહીની ચેમ્બરના પ્રતિનિધીને તેમાં આમંત્રણ આપી શકાય.

અંતમાં માનદમંત્રી શ્રી હેતલભાઈ મહેતાએ આભારવિધી આટોપી હતી.